ગઝલ

પંચમ શુક્લ

ગાલગા ગાલગા ગાલગા ગાલગા

બંધ આ આંખ રોમાંચને દ્વાર હો!
કૈં નથી,કૈં નથી એજ આકાર હો!

પોપચે ઝૂલતો સહેજ અણસાર હો,
દગજલે નર્તતાં રંગ આધાર હો!

એક ઊચ્છવાસને એક આ શ્વાસમાં,
સદ્ય અંદર જતું ચક્ર સાકાર હો!

કલ્પનાની કળી સ્વપ્નનું પુષ્પ થઇ,
વણખીલ્યે, વણખરે, વૃત્તની પાર હો!

શબ્દનાં ભારને શબ્દ લઇ-ડૂબશે,
બસ કમઠપીઠ આ પીઠનો સાર હો!

સર્વ સ્વછંદનાં પથ્થરો કોરતી,
છૂટતી હર ગઝલ છંદની ધાર હો!